# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૩/ક્વા-૩/૨૦૨૦-૨૧/૬૫ તા.૧૦.૦૨.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૭૩/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી અઘોરી રાજેશગીરી કૈલાસગીરી ગામ – વિસણવેલ

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: ગુરુવાર (૨૮.૦૧.૨૦૨૧)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,ઉપરોક્ત જગ્યા એ હું છેલ્લા દસ વર્ષ થી રહું છું. મહાકાળી માતાજી ના મંદિર ની સેવા પુજા કરું છું.મહાકાળી ના સેવકો દ્વારામંદિર ની જરૂરિયાત તેમજ મારી ખાદ્ય સામગ્રી મળી રહે છે. આ જગ્યા પર ઇલેક્ટ્રીક લાઈટ ઘર વપરાશ નું કનેક્શન લેવા માટે જરૂરી આધારો સાથે તારીખ-૦૮.૦૭.૨૦૧૯ ના ચોરવાડ પીજીવીસીએલ કચેરી એ અરજી કરી જેનું કોટેશન તા.૨૭.૧૧.૨૦૧૯ ના નીકળતા રૂ. ૩૭૦૦/- મળતા તેજ દિવસે કોટેશન ની રકમ ચોરવાડ કચેરી માં ભરેલા હોય જેની પહોંચની નકલો આ સાથે અરજી સાથે રાખેલ છે. ઘણા લાંબા સમયે એક વર્ષ ના સમયગાળા માં વખતો વખત રૂબરૂ રજૂઆત કરવા છતાં હજુ સુધી વીજ જોડાણ આપેલ નથી સ્થળ

પર જાત નીરક્ષણ કરવાથી સત્ય હકીકત નો ખ્યાલ આવે મહાકાળી મંદિર સામે પાન-બીડી તેમજ ઈલે.વેલ્ડિંગ તથા થ્રી ફેજ ખેતીવાડી વીજ જોડાણ આપેલા છે.

વધુ માં જણાવવાનું કે ચોરવાડ પીજીવીસીએલ કચેરી માં ના અધિકારીઓએ ફરજ માં બેદરકારી દાખવતાં હોય ઘર વપરાશ વીજ જોડાણ જેવી બાબત માં એક વર્ષ નો સમય થવા છતાં કાર્યવાહી ન કરી વીજ જોડાણ થી વંચિત રાખેલ હોય છેલ્લે તા. ૧૦.૧૧.૨૦ ના રોજ રૂ.૭૫૧૧૨/- નું નવું કોટેશન કાઢી મોકલેલ હોય તો અગાઉ નું કોટેશન ખોટું હતું કે કેમ ઉપરોક્ત બાબતે તપસ કરાવી લાગતા વળગતા અધિકારીઓને જરૂરી સૂચનો આદેશ કરવા આપ સાહેબ ને મારી નમ્ર અરજ સાથે વિનતિ છે. આ બાબતે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ શ્રી અઘોરી રાજેશગીરી કેલાશગીરી ગામ વીસણવેલ ધાર્મિક મંદિર તથા ઘર વપરાશ માટે ની રજૂઆત અન્વયે વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

(૧) અરજદારનું નામ -શ્રી અઘોરી રાજેશગીરી કેલાશગીરી ગામ વીસણવેલ.

(૨) અરજદાર ની રજૂઆત અરજી તારીખ- ૧-૧૨-૨૦૨૦.

(૩) રજૂઆત મુજબ કરવાની થતી કામગીરી: ધાર્મિક મંદિર તથા ઘર વપરાશ માટેનું સિંગલ ફેઇઝ વીજ કનેક્શન આપવા બાબત

(૪) સમારકામ કરી ફરિયાદ નું નિરાકારણ કર્યા તારીખ- ૦૮-૦૨-૨૦૨૦.

(૫) પે વિ કચેરી: ચોરવાડ

(૬) વિભાગીય કચેરી : માંગરોળ

(૭) વર્તુળ કચેરી : પોરબંદર.

૨.૩ સદર હું અરજદાર શ્રી અઘોરી રાજેશગીરી કેલાશગીરી ગામ વીસણવેલ ધાર્મિક મંદિર તથા ઘર વપરાશ માટેનું સિંગલ ફેઇઝ વીજ- કનેક્શન આપવા બાબત ની અરજી માનનીય કન્વીનર ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમિતિ તારીખ ૧-૧૨-૨૦૨૦નાં રોજ કરવામાં આવેલ જેના અનુસંધાને ચોરવાડ પે વી કચેરી તરફ થી આ ફરિયાદ નું સુખદ નિવારણ કરી તા-.૩૦-૧૨-૨૦૨૦ નાં રોજ પર્ફોરમાં નંબર ૭૯૭૫ થી વીજ મીટર લગાડી પાવર સપ્લાય ચાલુ કરી આપેલ છે આ ફરિયાદનું નિરાકરણ થતા તા ૩૦-૧૨-૨૦૨૦ નાં રોજ અરજદાર દ્વારા ફોરમ સમિતિ ની ફરિયાદ પરત ખેચવાનો સંમતીપત્રક રજુ કરેલ છે. અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૩૦.૧૨.૨૦૨૦ થી રજુ કરેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૩ મુજબ પીજીવીસીએલ કંપની ની ચોરવાડ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ માંગરોળ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૩૦.૧૨.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |